# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/224 Dt. 01/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર અને મંત્રાના સંયુકત ઉપક્રમે ટેક્ષ્ટાઇલ નોલેજ સેશન યોજાયું

### શ્રી એસ.પી. વર્મા અને શ્રી વિરલ શાહે ટેક્ષ્ટાઇલ ક્ષેત્રની વર્તમાન નીતિઓ, પડકારો અને એક્ષ્પોર્ટમાં વૈશ્વિક સ્તરે ઉભી થતી તકો અંગે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને મેન મેઇડ ટેક્ષ્ટાઇલ્સ રિસર્ચ એસોસીએશનના સંયુકત ઉપક્રમે બુધવાર, તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલ નોલેજ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો માટે યોજાયેલા આ મહત્વપૂર્ણ સેશનમાં ટેક્ષ્ટાઇલ ક્ષેત્રની વર્તમાન નીતિઓ, પડકારો અને વૈશ્વિક સ્તરે ઉભી થતી તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સતત બદલાતી ટેકનોલોજી, નવીનતા અને ગુણવત્તાના આધારે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યો છે. ચેમ્બર અને મંત્રા દ્વારા આ પ્રકારના નોલેજ આધારિત કાર્યક્રમો ઉદ્યોગોને અપડેટ રાખે છે, તેમની સ્પર્ધાત્મક ક્ષમતામાં વધારો કરે છે અને સુરતને ભારતના ટેક્ષ્ટાઇલ હબ તરીકે વધુ મજબૂત બનાવે છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ સેકટરનું ભવિષ્ય જ્ઞાન, સંશોધન અને ટેકનોલોજી આધારિત વૃદ્ધિ પર નિર્ભર છે. સુરતના ઉદ્યોગકારોએ હંમેશા નવીનતાઓને આત્મસાત કરી છે અને આ જ અભિગમ તેમને આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સશક્ત બનાવશે.

મંત્રાના પ્રમુખ શ્રી રજનિકાંત બચકાનીવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ટેકનોલોજી, સંશોધન અને સ્કીલ ડેવલપમેન્ટને કેન્દ્રમાં રાખી મંત્રા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને નવી ઉંચાઈઓએ લઈ જવા પ્રતિબદ્ધ છે. ઉદ્યોગના બદલાતા માળખા અને વૈશ્વિક બજારમાં ઊભી થતી નવી તકોને ધ્યાનમાં રાખીને આ પ્રકારના નોલેજ સેશન અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.

વિવ વોટર એન્વાયરો પ્રા.લિ.ના પ્રોડકટ ડેવલપમેન્ટ સેન્ટરના ડિરેકટર **શ્રી એસ.પી. વર્માએ** પોલિસી ફ્રેમવર્ક ફોર ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ્સ – કરન્ટ સિનારિયો એન્ડ ફયુચર પ્રોસ્પેકટ્‌સ વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપી પરિવર્તનો થયા છે અને ઉદ્યોગોને ગ્લોબલ સ્પર્ધા માટે ટેકનોલોજી અપગ્રેડેશન, સસ્ટેનેબિલિટી, વેસ્ટ મેનેજમેન્ટ અને ઇકો ફ્રેન્ડલી પ્રોસેસ જેવી બાબતોને અપનાવવી અત્યંત આવશ્યક બની ગઈ છે. ઉદ્યોગ સાહસિકોને ટેકનોલોજી અપગ્રેડેશન, ગ્રીન પ્રોસેસીસ અને એન્વાયરમેન્ટલ કમ્પ્લાયન્સ અંગે ધ્યાન આપવું પડશે.

વધુમાં તેમણે પીએમ મિત્રા પાર્કના લાભો તથા તેના સંબંધિત ગુજરાત સરકારની યોજનાઓ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પાર્ક દ્વારા ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનને મજબૂત બનાવવાની સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમન ફેસિલિટી સેન્ટર્સ, ટેકનોલોજી સપોર્ટ, વેસ્ટ મેનેજમેન્ટ અને સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ માટે વિશાળ તકો ઊભી થશે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન અને સબસિડી યોજનાઓ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે તેમજ સુરતના ટેક્ષ્ટાઇલ હબને નવી ગતિ આપશે.

એક્ષ્પોર્ટ ઇમ્પોર્ટ લિડરશિપ ઇન્સ્ટીટયુટના ફાઉન્ડર એન્ડ ડિરેકટર **શ્રી વિરલ શાહે** ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટ્‌સ – નેવીગેટીંગ ધ કરન્ટ માર્કેટ સિનારિયો વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રોડકટ ડાયવર્સિફિકેશન, બ્રાન્ડિંગ, ઇ–કોમર્સ અને નવા ઉભરતા બજારોને ધ્યાનમાં રાખીને ભારતીય ઉદ્યોગો માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. વિશ્વની ૧૬૫ દેશો દરરોજ એક્ષ્પોર્ટ–ઇમ્પોર્ટ કરી રહયા છે. એક્ષ્પોર્ટમાં વિશ્વને ચાઇના અને અમેરિકાનો વિકલ્પ જોઇએ છે અને એ ભારત બની શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૧માં વિશ્વના કુલ એક્ષ્પોર્ટમાંથી ભારતનું એક્ષ્પોર્ટ ૦.૫૦ ટકા હતું, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૨.૦ ટકા થયું હતું. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના એક્ષ્પોર્ટને ૮ ટકા પર પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. એના માટે દસ વર્ષથી ભારતે મેક ઇન ઇન્ડિયા અભિયાન અંતર્ગત ભારતમાં મેન્યુફેકચરિંગ શરૂ કરી દીધું છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૨૫માં વિશ્વના કુલ એક્ષ્પોર્ટમાંથી ભારતથી ૫.૫ ટકાથી લઇને ૫.૮ ટકા સુધી ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ થશે, જ્યારે ૩.૫ ટકાથી લઇને ૩.૮ ટકા સુધી એપરલનું એક્ષ્પોર્ટ થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ સેકટર વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર છે અને યોગ્ય માર્કેટ સ્ટ્રેટેજી તથા ગુણવત્તા આધારિત ઉત્પાદન દ્વારા સુરતના એક્ષ્પોર્ટમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ શકે છે.

મંત્રાના માનદ્‌ મંત્રી શ્રી પ્રફુલ ગાંધીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મંત્રાના એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટના વડા શ્રી હિમાંશુ દેસાઇએ સેશનનું સંચાલન કર્યું હતું. આ નોલેજ સેશનમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો હાજર રહ્યા હતા. ટેક્ષ્ટાઇલ નિષ્ણાતોના માર્ગદર્શનથી

ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ માટેની પોલિસીઓ, વૈશ્વિક ટ્રેન્ડસ અને એક્ષપોર્ટ–ઇમ્પોર્ટ અંગે મહત્વપૂર્ણ માહિતી મળી હતી.